ક્રમાંક:પ્રાશિનિ/નીતિ/12/ક/
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક-12/1, ડૉ.જી.મ.ભવન,
ગાંધીનગર.
તા. 19/07/2012

પ્રતિ,
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,**
જિલ્લા શિક્ષણ સમિતિ, (તમામ)
**શાસનાધિકારીશ્રી,**
નગર શિક્ષણ સમિતિ, (તમામ)

વિષય: વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષકોની બદલી બાબત.

સંદર્ભ: 1. આ કચેરીના પત્રાંક: પ્રાશિનિ/નીતિ/12/ક/6314-59, તા.30/06/2012.
2. આ કચેરીની સિંગલ ફાઈલ નં.22, તા.12/07/2012.
ઉપર મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીએ આપેલ અનુમતિ.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે ભારતના ચૂંટણી આયોગ દ્વારા મતદાર યાદીની આખરી પ્રસિધ્ધિ અંગેની કાર્યવાહી તા.31/08/2012ના રોજ કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. આથી વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષકોની બદલીઓ નીચેની શરતોએ કરવા અનુમતિ આપેલ હોઈ તેને ધ્યાને લઈ બદલીઓ કરવાની રહેશે.

1. બુથ લેવલ અધિકારી તરીકે ફરજો બજાવતાં જે પ્રાથમિક શિક્ષકોની બદલી કરવામાં આવશે તેમને બદલીની નવી જગ્યાએ હાજર થવા માટે તા.31/08/2012 બાદ જ ફરજ મુક્ત કરી શકાશે.
2. જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારીઓ બુથ લેવલ અધિકારી તરીકે કામ કરતાં શિક્ષકોની જગ્યાએ બુથ લેવલ અધિકારી તરીકે ફરજ બજાવતાં સ્થાનિક શિક્ષકોને મુકશે.
3. મતદાર નોંધણી અધિકારી દ્વારા બદલીથી નવા નિમાયેલ બુથ લેવલ અધિકારીઓની તાલીમ આપવામાં આવશે. જેમાં સહયોગ આપવાનો રહેશે.
4. જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીઓને, જેમની બદલી કરવામાં આવનાર છે. તેવા બુથ લેવલ અધિકારી-પ્રાથમિક શિક્ષકોની યાદી આગોતરી આપવાની રહેશે. જેથી બદલી થનાર બુથ લેવલ અધિકારી-પ્રાથમિક શિક્ષકોના નિયંત્રણ હેઠળ નવા નિમણૂક પામનાર બુથ લેવલ અધિકારી-પ્રાથમિક શિક્ષકોને તાલીમ આપવાની વ્યવસ્થા જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીઓ કરી શકે.

(ડૉ.ભરત પંડિત)
નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા., ગાંધીનગર.

PAM/2012/5DPE